સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૯૪૨૭૭૭૪૫૧

હાથી પર ચઢી ગઇ સરકાર માયાની,
કરે કદર યાદવો કમનીય કાયાની,
પાયાની પ્રજા ભૂલાઇ જાય છે ઉત્સવોમાં -
પડશે અખિલેશ પર મુઝરાની, છાયાની -

સ્વાર્થ સર્યો ને
આવ્યું 'પરિવર્તન'
બાપા બિમાર...

આમ લોકોની
નિષ્કલંક પ્રતિભા -
બની ચેલેન્જ!

ચિંતન

દાસ્તિતં મનસઃ સર્વ કસ્ય સંપદાને સુખમ્ ।
દૈવા અયત્નં યતઃ સર્વ તસ્માત્સંતોષમાશ્રયેત ॥

'મનુષ્યના મનની બધી ઇચ્છાઓ ક્યારેય પણ પૂર્ણ થતી નથી; કારણ કે બધી ઇચ્છાઓ અને વાંછનાઓ પૂર્વ જન્મના કર્મથી બદ્ધ ભાગ્યને આધીન હોય છે. માટે સુખ-શાંતિ પામવા માનવીએ સંતોષ જ માત્ર ધારણ કરવો.'

માનવીનું મન વાંદરા કરતાં પર વિશેષ ચંચળ છે - વાંદરાને તો એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદતાં પહેલાં ત્યાંની મજબૂતી પકડવાની સવલત અને આસપાસમાં કોઇ બાધા તો નથી ને! એનો વિચાર કરવો પડે છે પણ માનવીનું મન તો તદ્દન કાલ્પનિક ડાળો પર આધાર, શક્યતાઓ વિના-અસંબદ્ધના ઇચ્છારૂપી કૂદકા માર્યા કરે છે એમાં એને પાપ-પુણ્ય, ના કોઇ જ સામાજિક આર્થિક બંધન નડતાં નથી. નીતિ-મૂલ્યોનું તો ફીંડલું વાળી ઊંચે જ ચઢાવી દે છે. આવી પાયાવિહીન ઇચ્છાઓ કદી પણ પૂર્ણ થતી નથી. જોગ-સંજોગ, કોઇ ઇચ્છા પૂર્ણ થઇ પણ જાય તો રક્તબીજ રાક્ષસના લોહીનાં બૂંદમાંથી જેમ અનેક રાક્ષસ ઉત્પન્ન થયા જ કરે તેમ, એકમાંથી અનેક ઇચ્છાઓ જન્મ્યા જ કરે છે ક્ષિતિજની જેમ એનો કોઇ જ અંત નથી. પૂર્વજન્મના સારાં-માઠાં કર્મોનું ફળ એ જ ઇચ્છા-વાંછના છે. સુખ-દુઃખનું કારણ છે.

આમાંથી મુક્તિ મળવવાનો એક જ સરળ ઉપાય છે. 'સંતોષ' કોઇ જ ઇચ્છા-અપેક્ષા-આશા-વાંછના ન રાખો-કોઇમાં પણ નહિં. જે મળ્યું છે, જેવું મળ્યું છે તેનો હસીને સંતોષપૂર્વક સ્વીકારમાં જ 'સર્વે' 'ઇચ્છાપૂર્તિ' સમાયેલી છે.

સુવિચાર

- પ્રેમ + સંભાળ = માતા, પ્રેમ + ડર = પિતા, પ્રેમ + મદદ = બહેન, પ્રેમ + ઝઘડો = ભાઇ, પ્રેમ + સંભાળ + ડર + મદદ + ઝઘડો + જિંદગી = દોસ્ત — *અજ્ઞા.એમ.એમ.*
- જિંદગીમાં જે માંગીએ છીએ તે બધું જ નથી મળતું અને જે મળે છે તેમાનું ઘણુંયે માંગેલું પણ નથી હોતું — *જ્ઞાનસૂત્ર*
- સારૂ હૃદય અને સારો સ્વભાવ બેઉ જરૂરી છે. સારા હૃદયથી કેટલાય સંબંધો બને છે અને સારા સ્વભાવથી તે સંબંધો જીવનભર ટકે છે — *અજ્ઞા. મહાભારત*
- જો રસ્તો સુંદર હોય તો ખાત્રી કરજો કો તે જોઇતી મંઝીલ તરફ જાય છે કે નહીં.. પણ જો મંઝિલ સુંદર હોય તો ગમે તેવો રસ્તો હોય ચાલી નીકળો — *જનકવાણી*
- બે અક્ષરનું થાય છે 'લક', અઢી અક્ષરનું થાય છે 'ભાગ્ય', સાડા ત્રણ અક્ષરનું થાય છે 'કિસ્મત' પણ એ બધા ચાર અક્ષરથી 'મહેનત' કરતાં નાના છે — *શાન્તિ ભટ્ટ*
- જીવનમાં વિશ્વાસ એવા વ્યક્તિ પર જ મૂકજો... કે એ મુક્યા પછી તમારો શ્વાસ અદ્ધર ના રહે — *ધર્મસૂત્ર*
- પડી જાય ઘર બન્યા પહેલાં તો ચરણતરની ખામી છે, બેટા બાપ સામા થાય તો ભણતરની ખામી છે, રામ-શ્રવણની માતૃભક્તિ છે આ ભૂમિના કણકણમાં એ ભૂમિમાં આવું થાય તો નક્કી ઘડતરમાં ખામી છે. — *અજ્ઞો*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

સંસ્કારી અને સંપૂર્ણ સાક્ષર ગામમાં સામાન્ય માણસ પણ બુદ્ધિમાન અને પંડિત જેવા વિદ્વાન હોય છે અને ભણતર કરતાં ગણતર, બુદ્ધિની કોઠા સૂઝ વધારે મહત્વની હોય છે. નાના ફેરિયા-ગલ્લાવાળા વેપારીઓને તો આમાં હથોટી આવી ગઇ હોય છે.

વિદ્વાન સંસ્કૃત સાહિત્યના સર્જક કાલિદાસ ઉજૈનના હતા. ત્યારે રાજદરબારમાં પણ 'સંસ્કૃત' શ્લોક-પુસ્તકોની ચર્ચા થતી. તે વખતે ખટપટ અને ટાંટીયાખેંચ ન હતી. બુદ્ધિ ચાતુર્યથી ચર્ચાનાં જ એન્કાઉન્ટર થતાં.

કવિ કાલિદાસ એકવાર ઉજૈનની બજારમાં ફરવા નીકળ્યા. એક સ્ત્રી માટલામાં કંઇક વેંચતી હતી. કાલિદાસે તેને વંદન કરી પૂછ્યું, માતે! તમે શું વેંચી રહ્યા છો?

સ્ત્રી કાલીદાસને ઓળખી ગઇ. કહ્યું - આપતો સુજ્ઞ છો - હું આઠ જાતના પાપ વેચું છું. છતાં લોકો પૈસા આપીએ ખરીદે છે - બોલો! હું શું વેચતી હોઇશ?!

કાલિદાસ એ ત્રિપુંડ તાણી ખૂબ વિચાર કર્યો અને થાકીને કહ્યું - માતે! તમે જ મને સ્પષ્ટ રીતે સમજાવો, શું વેંચો છો? ઘડામાં પાપ કેવી રીતે હોય?

સ્ત્રી કહે - કવિરાજ હું સૂરા-દારૂ-મદીરા વેચું છું. જેનાથી બુદ્ધિનાશ, ગાંડપણ, કંકાસ, બેહોશી, અવિવેક, અને દુર્ગુણ, ગરીબી અને નકગાર જેવા આઠ પાપ પ્રાપ્ત થાય છે.. કાલિદાસે કાન પકડ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

જેને પોતાનામાં જ શ્રદ્ધા નથી તે નાસ્તિક છે

● કલયુગમાં સત્યનિષ્ઠ રહેવું એ સૌથી મોટું તપ છે, સત્ય જ બોલવું જોઇએ.

● તમારો પ્રેમ એ જ ઇશ્વરનો નૈવેદ્ય છે.

● ક્રોધ સાધકનો શત્રુ છે, ક્રોધ કરવાથી શરીરના રોમે રોમમાંથી શક્તિનો વ્યય થા છે.

● પ્રથમ તો તમારે સારા પૌષ્ટિક ખોરાક વડે શરીરને સુદ્રઢ બનાવવું જોઇએ ત્યાર પછી જ મન મજબૂત થશે. મન તો કેળવ શરીરનો સૂક્ષ્મ ભાગ જ છે.

● સારા શિક્ષણનો ધ્યેય છે : માનવનો વિકાસ.

● જે અભ્યાસથી ઇચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યસ્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી.

● વીરતાપૂર્વક આગળ વધો, એક દિવસ કે એક વર્ષમાં સફળતાની આશા રાખશો નહી, હંમેશા સર્વોચ્ચ વસ્તુને વળગી રહો.

● પરિવર્તનથી ઇચ્છાશક્તિ વધુ મજબૂત થતી નથી. તે નિર્બળ બને છે અને પરિવર્તનને વશ થાય છે. પણ આપણે હંમેશા સંગ્રહણ વૃત્તિવાળા થવું જોઇએ. સંગ્રહણવૃત્તિથી ઇચ્છાશક્તિ મજબૂત થાય છે.

● જો ઇશ્વર હોય તો આપણે તેનું દર્શન કરવું જોઇએ, જો આત્મા હોય તો આપણે તેની અનુભૂતિ કરવી જોઇએ, નહીં તો, એમાં માનવું નહિ એ સારૂં છે. દંભી થવા કરતાં આખાબોલા નાસ્તિક થવું એ બહેતર છે.

● વિશ્વની તમામ શક્તિઓ આપણી જ છે. આપણે જ આપણા હાથ આંખો પર મૂકીને બરાડા પાડીએ છીએ કે બધે અંધકાર છે. જાણી લો કે આપણી પાસે અંધકાર નથી. હાથ ઉઠાવી લો એટલે પ્રકાશનું દર્શન થશે. એ તો પહેલે થી જ હતો. અંધકાર, નિર્બળતા ક્યાંક હતી જ નહીં. આપણે જ માની લીધું કે આપણે નિર્બળ, અપવિત્ર, અસફળ છીએ.

● કાર્ય કરવું એ ઘણું સારૂં છે. પરંતુ તે વિચારોમાંથી આવે છે. માટે મસ્તિષ્કને ઉન્નત વિચારોથી, સર્વોચ્ચ આદર્શોથી ભરી દો; તેમને અહર્નિશ તમારી નજર સમક્ષ રાખશો તો તેમાંથી જ મહાન કાર્યોનો જન્મ થશે.

● જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંત ખંત અને દૃઢ ઇચ્છાશક્તિ હોવા જોઇએ. ખંતીલો માણસ કહે છે ; હું સાગરને પી જઇશ, મારી ઇચ્છા થતાં સાથે જ પર્વતો કડડભૂસ થઇને તૂટી પડશે.' આવા પ્રકારની શક્તિ પ્રાપ્ત કરો, આવા પ્રકારના ઇચ્છાશક્તિ દાખવો. જો તમે પુરૂષાર્થ કરશો તો તમે ધ્યેયને પામી શકશો.

● જે મનુષ્યને પોતાની જાતમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે. જૂના ધર્મોએ કહ્યું, 'જેને પ્રભુમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.' નવો ધર્મ કહે છે, જેને પોતાનામાં જ શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.

● કરોડો રૂપિયા ખોવાયેલા કદાચ પાછાં મળી જશે પરંતુ એક ક્ષણ પણ ઇશ્વર સ્મરણ વગર જશે તે ક્ષણ પાછી નહિ આવે.

● ભગવાનની મૂર્તિ સામે ઊભા રહી તેને હૃદયભાવથી જોવો, થોડીકવાર મનમાં સ્મરણ કરો.

● દરેક માનવીની સફળતા પાછળ ક્યાંક પણ જબરદસ્ત સચ્ચાઇ, જબરદસ્ત પ્રામાણિકતા રહેલાં હોવા જ જોઇએ; જીવનમાં તેની અસાધારણ સફળતાનું કારણ એ જ છે.

● પ્રાર્થનાથી માણસની સુક્ષ્મ શક્તિઓ સહેલાઇથી જાગ્રત કરી શકાય છે.

● પ્રાર્થના અને સ્તુતિ ઇશ્વર તરફના વિકાસ માર્ગના પ્રાથમિક શાધનો છે.

● એકાગ્રતા એ સર્વ જ્ઞાનનો સાર છે, તેના વિના કંઇ થઇ શકે નહીં. સામાન્ય માણસમાં તેની વિચારશક્તિનો નેવું ટકા ભાગ વ્યર્થ જાય છે, અને તેથી તે સતત ભૂલો કર્યા કરે છે, કેળવાયેલું મન અથવા કદી ભૂલો કરે નહિં.

● આપણને ગતિ આપનારૂં બળ વિચાર છે. મનને ઉચ્ચ વિચારોથી ભરી દો, તેના વિશે રોજ રોજ શ્રવણ કરો, મહિનાઓ અને મહિનાઓ સુધી તેનો વિચાર કરો. નિષ્ફળતાની કદી પરવા ન કરો. આ નિષ્ફળતાઓ સાવ સ્વાભાવિક છે, જીવનનું તે સૌંદર્ય છે. જીવનમાં જો મથામણ ન હોય તો જીવનની કોઇ કિંમત નથી.

● જો તમે પાંચ વિચારોને પચાવ્યા હોય અને તેમને તમારાં જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો જે માણસો આખી લાઇબ્રેરી ગોખી લીધી હોય તેના કરતાં તમે વધુ કેળવાયેલાં છો.

એકાગ્રતા એ સર્વ જ્ઞાનનો સાર છે, તેના વિના કંઇ થઇ શકે નહિ, સામાન્ય માણસમાં તેની વિચારશક્તિનો નેવું ટકા ભાગ વ્યર્થ જાય છે, અને તેથી તે સતત ભૂલો કર્યા કરે છે, કેળવાયેલું મન અથવા માણસ કદી ભૂલો કરે નહિ

વિચારવંત
વિવેકાનંદ
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

● તમારાં સદકર્મો એ જ ઇશ્વરની પૂજા છે.

● તમારા સદ્વાક્ય એ જ ઇશ્વરનું કીર્તન છે.

● સમાજમાં દરેક સુખી થાય અને સમાજમાં શાંતિ રહે એવી પ્રાર્થના કરો. દિવસ દરમિયાન એકવાર 'લોકો : સમસ્તા : સુખીનો ભવન્તુ' મંત્રનો જાપ કરવો.

● તમારાં સદ્વિચારો એ જ ઇશ્વરને અર્પિત કરવાના પુષ્પો છે.

● કદી પણ કોઇને મનથી, વચનથી, વિચારથી દુઃખી ના કરશો. સમસ્ત પ્રકૃતિના જીવો પ્રત્યેદ દયા દાખવવી એ જ અહિંસા છે અને અહિંસા જ પરમ ધર્મ છે.

● ગુરૂની શિક્ષાપત્રી, ગીતા, રામાયણ, ઉપનિષદ કે ભગવાનની ચાલીસા માટે સવારમાં થોડોક સમય કાઢો. સારૂં વાંચનથી તમારો સારો વિકાસ થશે, તમારામાં આધ્યાત્મિકતા વધશે. તમારામાં ભક્તિભાવ આવશે.

● રોજ રાત્રે સૂતા પહેલાં પથારીમાં બેઠા બેઠા પ્રાર્થા કરો કે 'હે પ્રભુ આજના દિવસ દરમિયાન મારાથી કોઇને પણ વાણી કે વર્તનથી તકલીફ થઇ હોય તેને માટે હું માફી માંગુ છું,મને માફ કરજો અને ફી ના થાય તે માટે સદ્બુદ્ધિ આપજો.'

● કદી પણ કોઇને મનથી, વચનથી, વિચરાથી દુઃખી ના કરશો. સમસ્ત પ્રકૃતિના જીવો પ્રત્યે દયા દાખવવી એ જ અહિંસા છે અને અહિંસા જ પરમ ધર્મ છે.

● સવારે ઊઠો ત્યારે જમણી બાજુ પડખું ફરીને ઊઠો અને મનમાં એવો ભાવ કરો કે તમારા ઇષ્ટદેવ, ગુરૂજી તમારી સામે ઊભા છે. તેમને નમન કરી પથારીમાં જ થોડીક ક્ષણ ધ્યાન કરો.

● તમારા ઇષ્ટદેવ, ગુરૂજી ને પ્રાર્થના કરો કે 'હે ગુરૂજી, ઇષ્ટદેવ તમે હંમેશા મારા હૃદયમાં તમારૂં સ્મરણ રાખજો. મારા પ્રત્યેક વિચાર, વચન, કર્મથી નજીક આવવાનો પ્રયત્ન કરૂં તેમાં સહાય કરજો. મારા વાણી, વર્તનથી કોઇને દુઃખી ન કરૂં. દરેક પળે પળે તમારૂં સ્મરણ કરૂં તેવા આશીર્વાદ આપજો.'

● સવારે પાંચ વાગ્યા પહેલાં ઊઠો, આ સમય બ્રહ્મ મૂર્હૂત છે. આ સમયે પ્રકૃતિમાં સત્વગુણ પ્રધાન હોય છે. આ સમયમાં બુદ્ધિ તેજ બને છે શરીરને સ્ફૂર્તિ મળે છે. આ સમય જપ-તપ આધ્યાત્મિક સાધના માટે શ્રેષ્ઠ સમય છે.

● શ્વાસ જયારે જાબા નસકોરામાંથી વહેતો હોય ત્યારે આરામ લેવાનો સમય છે. જમણાંમાંથી વહે ત્યારે કાર્ય કરવાનો સમય છે અને બંનેમાંથી વહે ત્યારે ધ્યાનનો સમય છે એમ જાણવું. આપણે જયારે શાંત હોઇએ અને બંને નસકોરામાંથી સરખો શ્વાસ લેતા હોઇએ ત્યારે નીરવ ધ્યાન માટેની યોગ્ય સ્થિતિમાં છીએ તેમ માનવું.

● એક જ વિચારને પકડો. એ એક જ વિચારને તમારૂં જીવન સર્વસ્વ બનો, તેને વિશે જ વિચાર કરો. તેના જ સ્વપ્ન સેવો, એ વિચાર પર જ જીવો. તમારૂં મગજ, સ્નાયુઓ, માંસપેશીઓ, જ્ઞાનતંતુઓ, તમારા શરીરનો એકે એક અવયન એ વિચારથી ભરપૂર કરી દો, અને એ સિવાયના બીજા દરેકેદરેક વિચારને બાજુએ મૂકો. સફળ થવાનો આજ માર્ગ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પોતાને જાણવાનો, આત્માને ઓળખવાનો પ્રયત્ન જ જ્ઞાનની સાચી દિશા છે

મહાન સમાજપ્રબોધક સ્વામી વિવેકાનંદના જન્મદિવસે...

હર્ષદ પ્ર. શાહ

આજે સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ.

આજથી બરાબર ૧૫૧ વર્ષ પૂર્વે ભારતની ધરતી પર એ મહામાનવનો જન્મ થયો. ભારતના અર્વાચીન ઇતિહાસનું એક ભવ્ય પાત્ર એટલે સ્વામી વિવેકાનંદ. રાષ્ટ્રના, ધર્મના અને સંસ્કૃતિના પ્રાચીન સંદર્ભોને વર્તમાનના પરિપેક્ષ્યમાં જીવંત અને સાકાર રૂપ આપી રાષ્ટ્રને ચેતનવંતુ બનાવનાર સ્વામી વિવેકાનંદનું જીવન ઇતિહાસનું એક સ્વર્ણિમ પૃષ્ઠ બની રહેશે. એમનો એક એક શબ્દ - ચૈતન્ય - કણ હતો જો આજે પણ સમગ્ર વિશ્વને જ્ઞાનના અલૌકિક તેજથી પ્રકાશમાન બનાવે છે. ૩૯ વર્ષનો એમનો જીવનકાળ માત્ર ભારતને જ નહીં, આખા સંસારને ચિરંતન જ્ઞાનનું પાથેય આીને ચિરંજીવ બની ગયો.

આજે આ મહાનત્તમ વિભૂતિના પુણ્યસ્મરણનો અવસર છે. જીવનની સર્વગ્રાહી વિચારણા કરનાર ચિંતકને 'કેળવણી'નો વિચાર અનિવાર્યપણે કરવો જ પડે. સ્વામી વિવેકાનંદ એવા એક સર્વગ્રાહી ચિંતક હતા.

દેશની વર્તમાન સ્થિતિમાં - અધ્યયન - અધ્યાપનનું વાતાવરણ નિરાશાજનક બનતું જાય છે, ત્યારે તેનામાં નવશક્તિ, નવચેતનાનો સંચાર કરવા માટે સ્વામી વિવેકાનંદનાં 'કેવળણી' સંબંધી વિચારો અદ્ભૂત સામર્થ્ય ધરાવે છે.

પ્રવર્તમાન સમયમાં અંતર્નિહિત આધ્યાત્મિક શક્તિઓને વિકસાવ્યા વિના બાહુબળ અને બુદ્ધિનું જ શિક્ષણ જયારે અપાય છે, ત્યારે સમગ્ર વિશ્વને સ્વામીજીના વિચારો નવજીવન બક્ષશે એવું શ્રદ્ધાપૂર્વક કહી શકાય. ચાલો, એમનાં કેટલાક કેળવણી - સૂત્રોને સમજીએ -

(૧) જાણવું એટલે આવરણને દૂર કરવું.

મનુષ્યમાં પ્રથમથી જ રહેલી પૂર્ણતાનુંપ્રગટીકરણ એટલે કેળવણી. મનુષ્યમાં જ્ઞાન મૂળથી જ રહેલું છે. કોઇ પણ જ્ઞાન બહારથી આવતું નથી. દિવ્ય અને પ્રકાશમાન આત્મા ઉપર જામેલા આવરણને દૂર કરવું એટલે જ જાણવું.... શોધી કાઢવું. આવી પ્રક્રિયા માટે અંતર્મુખી થવું આવશ્યક છે. પોતાને જાણવાનો, આત્માને ઓળખવાનો પ્રયત્ન જ જ્ઞાનની સાચી દિશા છે. Journey within એ જ સાચો રસ્તો છે.

(૨) આત્માનાં અનંત શક્તિ છે.

જેમ એક વિશાળ વટવૃક્ષ ક્યારેક રાઇના દાણા કરતાંય નાના એવા ટચૂકડા બીજમાં સમાયેલું હોય છે તેમ જ્ઞાનની વિરાટ ઉર્જા આત્મામાં ભંડારાયેલી પડી છે. આપણો પ્રત્યેકનો જન્મ એક જીવકોષમાંથી થયો છે અને આપણામાં રહેલી તમામ શક્તિઓ એ જીવકોષમાંથી થયો છે અને આપણામાં રહેલી તમામ શક્તિઓ એ જીવકોષનું ગૂચળું વળીને પડી હતી. આત્માની આ અનંત શક્તિને જગાડવાની જરૂર છે. એ માટે દૃઢ સંકલ્પ અને એકાગ્રતાની સાધના કરવી આવશ્યક છે.

(૩) કેળવણીની એકમાત્ર પદ્ધતિ - એકાગ્રતા

જ્ઞાનપ્રાપ્તિની એકમાત્ર પદ્ધતિ 'એકાગ્રતા' છે. મનની એકાગ્રતા એ કેળવણીનું સારભૂત તત્ત્વ છે. નિમ્નતમ કક્ષાના માણસની માંડીને મોટામાં મોટા યોગીએ જ્ઞાન મેળવવા માટે આ જ પદ્ધતિને અપનાવવી પડે છે. પ્રયોગશાળામાં કામ કરતો રસાયણશાસ્ત્રી મનની બધી શક્તિઓને એકત્રિત કરીને તત્ત્વોનું વિશ્લેષણ કરે છે અને જ્ઞાનની પ્રાપ્તિ કરે છે. ખગોળવેત્તા પૂર્ણ એકાગ્રતાથી દૂરબીન દ્વારા ખગોળીય પદાર્થોને જુએ છે અને અનેક રહસ્યો છતાં કરે છે. ઘણાને 'યાદ જ નથી રહેતું' એવી ફરિયાદ હોય છે... યાદશક્તિ વધારવા માટે પણ એકાગ્રતા કેળવવી એ જ માસ્ટર કી છે. ટૂંકમાં જગતની બધી પ્રકારની ભૌતિક અને આધ્યાત્મિક સિદ્ધિઓનાં મૂળમાં એકાગ્રતા છે.

(૪) વિદ્યાલય કેળવણીનું કેન્દ્ર છે, વિદ્યાલય જ્ઞાનની ઉપાસનાનું સ્થળ છે, વિદ્યાલય સામાજિક ચેતનાનું કેન્દ્ર છે.

ચાલો, જોઇએ વિવેકાનંદજીના શબ્દોમાં વિદ્યાલયની પરિભાષા -

વિદ્યાલય ઇંટ ઓર ગારે કી બની હુઇ ઇમારત નહીં હૈ, જિસ મેં વિભિન્ન પ્રકાર કે છાત્ર ઔર શિક્ષક હોતે હૈં।

વિદ્યાલય બાજાર નહીં હૈ જહાં વિભિન્ન યોગ્યતાઓં વાલે અનિચ્છુક વ્યક્તિઓ કો જ્ઞાન દિયા જાતા હૈ ।

વિદ્યાલય રેલ કા પ્લેટફોર્મ નહીં હૈ જહાં વિભિન્ન ઉદ્દેશ્યો વાંલે મનુષ્યો કી ભીડ જમા હોતી હૈ ।

વિદ્યાલય તો એક આધ્યાત્મિક સંગઠન હૈ, જિસકા અપના સ્વયં કા અશિષ્ટ વ્યક્તત્વ હૈ ।

વિદ્યાલય ગતિશીલ સામુદાયિક કેન્દ્ર હૈ, જો ચારોં ઔર શક્તિ કા સંચાર કરતા હૈ ।

વિદ્યાલય એક આશ્ચર્યજનક ભવન હૈ, જિસકા આધાર સદ્ભાવના હૈ । માતાપિતા કી સદ્ભાવના ઔર છાંત્રો કી સદ્ભાવના ।

સારાંશ મેં, એક સુસંચલાતિ વિદ્યાલય એક સુખી પરિવાર, એક પવિત્ર મંદિર, એક સામાજિક કેન્દ્ર, લઘુરૂપ મેં રાજય ઔર મનમોહન વૃન્દાવન ઇન સબ કા મિશ્રણ હૈ ।

મકરસંક્રાતિ જીવનનું સંક્રમણ પર્વ છે. સ્વામી વિવેકાનંદનો એ દિવસે જ જન્મ એ સંક્રમણનો સંકેત છે.

જીવનને ઉન્નત બનાવનારાં કેટલાંક લઘુસૂત્રો આપણને સહુને ઉપયોગી નીવડશે -

નિંદા નહીં, નિદાન
વિવાદ નહીં, સંવાદ
આવાસ નહીં, પ્રવાસ
ન્યૂનતા નહીં, નાવિન્ય
નિયમ નહીં, નેહ
ચિંતા નહીં, ચિંતન
પ્રદર્શન નહીં, દર્શન
આદેશ નહીં, સંદેશ

સંક્રાંતિ પર્વે કેટલાક શુભ સંકલ્પો પણ કરીએ -

ક્રોધ કરવામાં સુસ્ત
બધાઇ દેવામાં ચુસ્ત
નિર્ણય કરવામાં તંદુરસ્ત
અને કાર્ય કરવામાં મસ્ત !

ભારત ફરીથી પોતાના મહિમાવંત રાજસિંહાસન પર બિરાજશે, પુનઃ ભારત વિશ્વગુરૂ બનશે : સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદ અને અર્વાચીન ભારત

લેખક : રજનીકાંત બી. ભટ્ટ

વર્તમાન વિશ્વમાં ભારત ઝડપી ગતિએ વિકસી રહેલો દેશોમાનો એક છે. જો કે, ભારત પ્રત્ય નકારાત્મક અભિગમ રાખનાર દેશો અને લોકો પણ છે ખરા. છતાં, ભારત આજે વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યું છે તે નિર્વિવાદ છે. દેશના અનેક નેતાઓ અને દેશભક્ત નાગરિકોએ આ પ્રગતિ માટે ઝઝૂમ્યા રહ્યા છે. આ મહાન રાષ્ટ્રના કલ્યાણ અર્થે અનેકોએ પોતાના બલિદાન આપ્યા છે. આવા મહાન દેશભક્ત નરનારીઓને આપણે આજે યાદ કરીએ છીએ.

ભારતે છેલ્લા બે હજાર વર્ષથી પોતાના આધ્યાત્મિક જ્ઞાનને જગતથી છુપાવી રાખ્યું હતું. પરિણામે ભારત સમગ્ર વિશ્વથી એકલું - અટુલું બની ગયું હતું. આ કારણે ભારતે ઘણું સહન કરવું પડ્યું. ભારતના આ જ્ઞાન ગણ્યા-ગાઠ્યાં લોકોનો ઇજારો બની ગયું તેથી સામાન્ય જનસમૂહે ઘણું ઘણું સહન કરવું પડ્યું. આપણે અદ્વૈતની ઘણી વાતો કરી પણ આચરણ ભેદભાવથી ભરપૂર કર્યું. સ્વામી વિવેકાનંદના પ્રભાવ હેઠળ ભારત વધુને વધુ વિશાળ અને ઉદાર બનતું ગયું, પરિણામે એક સદીમાં જ આપણે ઝડપી વિકાસ કર્યો. સ્વામીજી કહે છે કે આપણે ઘણાં દુઃખકષ્ટ સહન કરવા પડ્યા કે કરીએ છીએ. તેનું કારણ આપણે આપણા જ્ઞાનના દરવાજા બંધ કર્યા તે છે. સ્વામીજીએ કહ્યું છે, "ભલે પરદેશીઓ આવીને તેમના લશ્કરોથી દેશને ભરી દે, કુછ પરવા નહિ. ઓ ભારત? તું ખડો થઇ જા અને તારી આધ્યાત્મિકતાથી વિશ્વ પર વિજય મેળવ?" આજે એ વિજય મેળવવા માટે ભારત સજ્જ થઇ ગયું છે.

આજે આપણે આપણા ધર્મને, આપણી જાતને ધિક્કારીએ નહિ કે ઉતારી પાડીએ નહીં. આપણા ધર્મને અવગણીને માત્ર પશ્ચિમનું આંધળું અનુકરણ પોશાક-ખાણીપીણી વગેરેમાં કરવું તે યોગ્ય નથી. કારણ કે, ભારતીય ધર્મ, યોગ, નૃત્ય, સંગીત અને રાંધણ કળા જેવા વિષયો શીખવા માટે પશ્ચિમના લોકો રસરૂચી દાખવતા જોવા મળે છે.

સ્વામી વિવેકાનંદ ભારતના એક એવા મહાન દેશભક્ત આધ્યાત્મિક નેતા હતા જેમને ભારત પ્રત્યે અપાર પ્રેમ હતો. જયારે ભારત ગુલામ હતું ત્યારે 'ભારતનું ભાવિ ઉજ્જવળ છે.' એવું કહેનાર સ્વામીજી એકલા જ હતા. સ્વામીજીએ કહ્યું હતું કે ભારત ફરીથી પોતાના મહિમાવંત રાજસિંહાસન પર બિરાજશે, પુનઃ ભારત વિશ્વગુરૂ બનશે. સ્વામીજી ઠંડી, ભૂખ ગરીબાઇ વગેરે સામે ઝઝૂમતા રહ્યા કે જેથી ભારત પુનઃ પોતાના પગ પર ખડું થાય, સમગ્ર જનસમૂહ જાગે અને વેદાંતનો ભવ્ય સંદેશ સમગ્ર વિશ્વમાં પહોંચાડે. આપણા દેશના રાષ્ટ્રનેતાઓ જેવા કે ગાંધીજી, જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ, સુભાષચંદ બોઝ વગેરે એ કહ્યું કે તેમના પ્રેરણાસ્રોત સ્વામી વિવેકાનંદ હતા.

સ્વામીજી રાષ્ટ્રમાં આમૂલ પરિવર્તન લાવવા ઇચ્છતા હતા. તેઓની દૃષ્ટિએ આ ઋણ મહત્ત્વના છે. દેહ, મન, પ્રાણ આથી જ, તેમણે આત્મા કે પ્રાણને વધારે મહત્ત્વ આપ્યું છે. કારણ કે, એક વખત આ આત્મા કે પ્રાણ જાગે તો સાર્વત્રિક સફળતા અવશ્ય મળવાનાં જ. આ આત્મા જ અદ્વૈતની ગુરૂચાવી છે. આ એકતા આત્માની જાગૃતિ દ્વારા શક્ય છે.

સ્વામીજી કોઇ પણ સમસ્યાના મૂળ સુધી જતાં અને આ રીતે તેઓ ભારતના અનન્ય મહાન સુધારક બની શક્યા. તેમનો આ સંદેશ છે : '... પ્રત્યેક આત્મા અપ્રગટરૂપે પરમાત્મા છે. ધ્યેય છે બાહ્ય તેમજ આંતરપ્રકૃતિ પર કાબૂ મેળવીને અંદર રહેલા આ પરમાત્માને પ્રગટ કરવો. એ તમે કર્મ દ્વારા કે ઉપાસના દ્વારા કે યોગ દ્વારા કે તત્ત્વજ્ઞાન દ્વારા કરો - એક દ્વારા કે એકથી વધારે દ્વારા કે આ બધાં દ્વારા કરો અને મુક્ત થાઓ ધર્મનું સમગ્ર તત્ત્વ આ છે. સિદ્ધાંતો કે સાંપ્રદાયિક માન્યતાઓ કે કર્મકાંડ કે શાસ્ત્રગ્રંથો કે મંદિરો કે મૂર્તિઓ બધાં ગૌણ વિગતો માત્ર છે.'

આપણા રાષ્ટ્રમાં અને તેના લોકોમાં અનેક ભવ્ય - દિવ્ય શક્તિઓ અને શક્યતાઓ રહેલી છે. પ્રેમની જેમ રાષ્ટ્રને પણ દેહ, મન અને પ્રાણ હોય છે. ભારતનો આત્મા ધર્મ છે. હજારો વર્ષ સુધી "આપણે કંઇ નથી - નકામા નિર્માલ્ય છીએ." એમ આપણને સૌ કહેતા રહ્યા એટલે જ આપણા પર જુલમો થયા અને આપણને ધિક્કારવામાં પણ આવ્યા. પરિણામ એ આવ્યું કે આપણા ભીંતર આવી અદ્ભૂત શક્તિઓ છે એ ભૂલી ગયા. સ્વામી વિવેકાનંદે આપણી ભીંતર રહેલી આ મહાન શક્તિોને જગાડી અને તે દ્વારા આપણને આઝાદી મળી.

આજે ભારત વિશ્વમાં એક મહાસત્તા બનવા તરફ પ્રયાણ કરી ચૂક્યું છે. સ્વામીજીએ ભવિષ્યવાણી કરી હતી કે "ભારત ફરીથી જાગશે, સત્તાના જોરે નહીં, પરંતુ આધ્યાત્મિક શક્તિના જોરે." અને આજે આ બધું બનતું જોવા મળે છે. સ્વામીજી કહેતા, "અહીં ભારતમા ધર્મ પ્રજાના હૃદયમાં મર્મસ્થાન છે, કરોડરજ્જુ છે, પાયો છે, રાષ્ટ્રની આખી ઇમારત તેના ઉપર ચણવામાં આવી છે. રાજકારણ, સત્તા અને બુદ્ધિસુદ્ધાં અહીં ગૌણ સ્થાને ગણાય છે. એટલા માટે ભારતમાં ધર્મ એક જ ધ્યેય છે."

રાજકારણ માટે ધર્મને ગૂંચવવો કે વખોડવો તેમાં ડહાપણ નથી, નરી મૂર્ખતા છે. ધર્મનો આદર્શ છે પ્રાણશક્તિ. ભારત આજે કૃષિ-વિજ્ઞાન, ટેકનોલોજી વગેરે ક્ષેત્રમાં અગ્રેસર છે. ૧૯૬૦ ના દશકમાં અન્નક્ષેત્રે ભારત પરાવલંબી હતો. પરંતુ, આજે ભાર